ખૈલેયાઓ તો ગરબા રમશે ત્યારે રમશે પણ...

# નવરાતમાં વેકેશન જાહેર કરવાના મુદ્દે સરકાર જ ગરબે ધુમતી થઈ

**નવરાત્રીમાં વેકેશન આપવાના મામલે અત્યાર સુધીમાં ત્રણવાર નિર્ણયો બદલાયા : આજે શિક્ષણમંત્રીએ અચાનક વેકેશન રદ કરવાની જાહેરાત કરતા રમઝટ જામી**

ગાંધીનગર તા ૬

નવલી નવરાતમાં ખૈલેયાઓ જયારે ગરબે રમશે ત્યારે રમશે..પરંતુ નવરાત્રી દરમિયાન વેકેશન રાખવુ કે નહીં તે મામલે સરકાર ગરબે ઘુમતી થઈ છે. અત્યાર સુધી આ અંગે ત્રણવાર નિર્ણયો લેવાયા છે. થોડા દિવસો અગાઉ જ સરકારે આ અંગે મોટે ઉપાડે જાહેરાત કરી નવરાતમાં શાળા કોલેજોમાં વેકેશન આપવા સત્તાવાર જાહેરાત કરી હતી. જયારે આજે શિક્ષણમંત્રીએ આ વેકેશન રદ કરવાની જાહેરાત કરી છે. વેકેશન રાખવાના મામલે એકસુર ન જળવાતા વારંવાર નિર્ણયમાં ફેરબદલ કરવામાં આવી રહ્યો છે. ખૈલેયાઓને ગરબે ઘુમવા માટે વધુ મોકળાશ આપવાના મામલે હાલ સરકાર ગોથે ચઢી છે.

નવલી નવરાતમાં વેકેશન જાહેર કરવાના મામલે આખી સરકાર ગોથે ચઢી છે. શાળાઓમાં નવરાતની રજાઓ રાખવાના મુદ્દે સરકાર બોખલાઈ ગઈ છે. નવરાતમાં ખૈલેયાઓ ગરબે ઘુમશે ત્યારે ..પણ હાલ તો સરકાર જ ગરબે ઘુમી રહી છે. નવરાત દરમિયાન શાળા કોલેજોમાં વેકેશન જાહેર કરાયા બાદ ફરી એકવાર શિક્ષણમંત્રીએ આ અંગે ફેરવી તોળ્યુ છે. ગત વર્ષ દરમિયાન નવરાત્રીમાં શાળા કોલેજોમાં સરકારે વેકેશન જાહેર કર્યુ હતુ. જયારે ખૈલૈયાઓમાં પણ આ નિર્ણયથી ઉત્સાહની લાગણી પ્રવર્તી હતી. જયારે આ વર્ષે પણ નવરાત દરમિયાન વેકેશન નહીં રાખવાનો શિક્ષણ બોર્ડના સભ્યોની બેઠક દરમિયાન નિર્ણય લેવાયો હતો. પરંતુ આ નિર્ણય સામે સરકારે દરમિયાનગીરી કરી નવરાતમાં વેકેશન રાખવાની સત્તાવાર જાહેરાત પણ કરી દીધી હતી. શિક્ષણમંત્રીની જાહેરાતના અંતે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પણ હર્ષની લાગણી વ્યાપી હતી. જેના અંતે કેટલાક શાળા સંચાલકોએ પણ શિક્ષણમંત્રી સમક્ષ રજુઆત કરી હતી. બીજીતરફ આજે શિક્ષણમંત્રી દ્વારા નવરાત્રીનુ વેકેશન રદ કરવાની જાહેરાત કરાઈ હતી. છેલ્લા ૧૫ દિવસમાં જ એક માત્ર નવરાતના વેકેશન અંગે ત્રણ વાર નિર્ણયો બદલાતા હવે વાલીઓ અને વિદ્યાર્થીઓમાં પણ અસમંજસની સ્થિતિ ઉભી થઈ છે.

નવરાતમાં શાળા કોલેજોમાં વેકેશન જાહેર કરવાના મામલે સરકાર જ ગોથે ચઢી છે. કભી હાં કભી ના જેવી સ્થિતિ વચ્ચે વેકેશનના મુદ્દે ગરબા રમતા શિક્ષણતંત્રની નિર્ણય શક્તિ સામે પણ અનેક સવાલો મંડરાયા છે. જયારે સરકારની કેબિનેટમાં પણ જાહેર કરાયેલા નિર્ણય અંગે એકસુર જળવાતો ન હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. નવરાતનુ વેકેશન રદ કરવાનો નિર્ણય જાહેર કરાતા આ વિષય ફરી એકવાર આજે શિક્ષણઆલમમાં જ ચર્ચા સ્થાને રહ્યો હતો. જયારે વેકેશન મામલે પલે પલે બદલાતા નિર્ણયોથી સરકાર ખુદ ગરબે ઘુમતી હોવાની ટીખ્ખળો પણ શિક્ષણ વર્તુળમાં કાને અથડાઈ હતી.



ઈદની ઉજવણી - પવિત્ર રમજાન માસ પૂર્ણ થતાં અને આકરા રોઝા બાદ ચાંદ દેખાતા મુસ્લિમ બિરાદરોએ ઈદની ભવ્ય ઉજવણી કરી હતી. ગુરૂવારે સાંજે મુસ્લિમ પરિવારો ગાંધીનગરના સેક્ટર-૨૮ ખાતે આવેલા બાલોદ્યાન ખાતે ઉમટી પડ્યા હતા. અને ઈદના ઉત્સવની મજા માણી હતી. મુસ્લિમ પરિવારોએ બાલોદ્યાન ખાતે રાઈડ્સ ઉપરાંત નાસ્તા - પાણીની મોજ માણી હતી. બાળકોએ મન મુકીને લપસણી, હિંચકા તથા અન્ય રાઈડ્સની મજા માણી હતી...

# જુના સેકટરોના આંતરિક માર્ગો સુધારણાની દરખાસ્ત હજુ અધ્ધરતાલ

**વરસાદી દિવસોના અંતે બાકી રહેતા માર્ગ સુધારણાના કામો ઝડપથી પુર્ણ કરવા રહીશોની માંગણી**

ગાંધીનગર તા ૬

ચોમાસુ માથે છે. ત્યારે શહેરમાં માર્ગ સુધારણાની કામગીરી હવે હાથ ધરવામાં નહીં આવે અલબત્ત આગામી ત્રણ મહીના સુધી રસ્તાના કામો કરવામાં આવશે નહીં. પરંતુ શહેરમાં બાકી રહેતા માર્ગ સુધારણાના કામો અન્વયે જુના સેકટરોના માર્ગોની દશા સુધારવાની દરખાસ્ત લાંબા સમયથી વિભાગ કક્ષાએ પેન્ડીંગ છે. ત્યારે વરસાદી દિવસોના અંતે પણ રસ્તાના કામો ઝડપથી હાથ ધરાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

શહેરમાં આગામી ચોમાસા દરમિયાન માર્ગ સુધારણાના કામો બંધ કરી દેવાશે. હાલ શહેરમાં બાકી રહેતા કામો પુર્ણ કરવા માટે પણ આયોજન કરવામાં આવી રહ્યુ છે. જયારે રસ્તાના ઘણાં ખરા કામો બાકી છે. જયારે ગત વાઈબ્રન્ટ સમિટ દરમિયાન પણ સેકટરોમાં બાકી રહેતા માર્ગ સુધારણાના કામો પુર્ણ કરવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી હતી. પરંતુ આ તબક્કે કામો મંજુર ન થયા હોવાથી પણ માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવાનુ મુશ્કેલ બન્યુ હતુ. શહેરના નવા સેકટરોમાં પણ સે- ૬ થી ૮માં

● અનુસંધાન પાન-૭ પર

પેટા ચૂંટણીના પડઘમ...

# જૂના સેક્ટરોના આંતરિક રસ્તાઓનું રિસરફેસીંગ કામ ઝડપથી કરવા મેયરની માંગ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરના જુના સેક્ટરોમાં રોડ રિસરફેસીંગના કામો તાત્કાલિક હાથ ધરવામાં આવે તેવી માંગણી આજે મનપાના મેયર રીટાબેન પટેલે રાજ્યના મુખ્ય ઈજનેર સમક્ષ કરી છે.



કેપીટલ પ્રોજેક્ટના મુખ્ય ઈજનેરશ્રીને લખેલ પત્રમાં મેયરે સે. ૨૪ થી સે. ૩૦ના વિસ્તારોમાં છેલ્લા કેટલાય સમયથી રોડ રિસરફેસીંગના કામો નહિ થયા હોવાની ફરિયાદ કરી છે.

તેમણે સે. ૨૪નો ઉલ્લેખ કરી આ પત્રમાં જણાવ્યુ છે કે સે. ૨૪ થી ૩૦માં આંતરિક રસ્તાઓની સ્થિતિ અત્યંત ખરાબ છે. ઘણી જગ્યાએ રસ્તાઓની સપાટી સંપૂર્ણપણે ઘસાઈ જવા પામી છે તેમજ ઘણા લાંબા સમયથી આ રસ્તાઓના રિસરફેસીંગની કામગીરી ન થતાં વાહનચાલકોની હાડમારીમાં વધારો થવા પામ્યો છે. તેમણે આંતરિક રસ્તાઓની મરામતની કામગીરી તાકીદે હાથ ધરવાની માંગ કરી છે.

સે. ૨૪ થી સે. ૩૦ના આ રસ્તાઓની રજુઆતો કરી મેયરે એક કાંકરે બે પક્ષી માર્યાની વાતો પણ મનપાના રાજકીય વર્તુળોમાં ઉઠવા પામી છે. સે. ૩૦ એ વોર્ડ નં. ૩ નો હિસ્સો છે અને આગામી દિવસોમાં વોર્ડ નં. ૩ ની પેટા ચૂંટણી આવી રહી છે એટલે આ સેક્ટરોને યાદ કરવામાં આવ્યા હોવાની વાતોએ જોર પકડ્યુ છે.

સેક્ટર-૨૪માં આંતરિક રસ્તાઓની હાલત ખરાબ છે અને અન્ય સેક્ટરોમાં પણ આંતરિક માર્ગોના રિસરફેસીંગની કામગીરી વ્હાલા-દવલાની નીતિને આધારે થતી હોવાની વાતો પણ આ વર્તુળોમાં થઈ રહી છે.

# શહેરમાં ગરમીનો મિજાજ હજુ આકરો

**તાપમાન ૪૩ ડીગ્રી બફારો પણ વધ્યો : ગાંધીનગરાઓને હવે ગરમીથી ગુંગળામણ અનુભવી રહ્યા છે : સતત ૨૦ દિવસથી ગરમીનો પારો ૪૦ ડીગ્રી થી ઉપર રહેતા નગરજનો ત્રાહીમામ**

ગાંધીનગર તા ૬

ગાંધીનગરમાં જુન મહીનાના પ્રારંભે પણ વાતાવરણ પર ગરમીની પક્કડ યથાવત છે. આકરી ગરમીનુ જોર હજુ ઘટયુ નથી. ગરમીનો પારો આજે પણ ૪૩ ડીગ્રીએ રહ્યો હતો. સવારથી જ આકરા તાપ સાથે બફારો પણ વધતા શહેરીજનો હવે ગરમીથી ગુંગળામણ અનુભવી રહ્યા છે. વાતાવરણ પલ્ટા સાથે મેઘરાજાનુ આગમન થાય તેવી આશ સેવાઈ રહી છે. આકાશમાં વરસાદી વાદળો ઘેરાવાના ટાંણે સુરજદાદા આકરા બનતા ગરમી હજુ આક્રમક મુડમાં છે.

ગરમી માટે જુન મહીનો આ વર્ષે ફેવરેબલ બની ગયો છે. જુન મહીનામાં સિઝન બ્રેક ગરમી નોંધાઈ છે. ગરમીનો પારો ૪૫ ડીગ્રી સુધી પહોંચી ગયુ હતુ. જુન મહીનામાં ગરમીનો પારો ૪૩ ડીગ્રી થી નીચે ઉતર્યો નથી. જયારે છેલ્લા ૨૦ દિવસથી તાપમાન પણ ૪૨ થી ૪૫ ડીગ્રી વચ્ચે જ સ્થિર છે. જેના લીધે ગરમી સહન કરવાનુ હવે નગરજનો માટે કપરુ બન્યુ છે. દિવસે આકરા તાપ સાથે હવે બફારો પણ વિશેષ અનુભવતા નગરજનો ગરમીથી ગુંગળામણ અનુભવી રહ્યા છે. આકરી ગરમીએ સૌ કોઈને બેબાકળા કરી દીધા છે. ગરમીનો પારો હજુ ૪૦ ડીગ્રી ઉપર જ છે. બીજીતરફ વાતાવરણમાં ધીમે ધીમે ભેજનુ પ્રમાણ વધી રહ્યુ છે જેના લીધે શહેરીજનો આકરો બફારો વેઠી રહ્યા છે. સવારથી સુરજ માથે ચઢતા જ આકરો તાપ નગરજનો માટે અકળામણનુ કારણ બને છે. અસહ્ય ગરમીથી શહેરનુ જનજીવન પ્રભાવિત છે. ત્યારે હવે માત્ર મેઘરાજાના આગમન માટે શહેરીજનો ઉત્સુક છે. ગરમીનુ પ્રમાણ વધુ હોવા કરતા સતત વાતાવરણ પર ગરમીની પક્કડ યથાવત રહેતા નગરજનો માટે

● અનુસંધાન પાન-૭ પર

**બેસણું**

મારા વડીલ બંધુ **શ્રી ઉપેન્દ્રભાઈ ચન્દ્રકાંતભાઈ ભટ્ટનું**
તારીખ ૪-૬-૨૦૧૯, મંગળવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે.
સ્વર્ગસ્થનું બેસણું તા. ૭-૦૬-૧૯, શુક્રવારે
સાંજે ૬-૦૦ થી ૭-૩૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : પ્લોટ ૩૨૩, સેકટર ૨૨, ઘ-૫ બસસ્ટેન્ડ પાસે, ગાંધીનગર.

| | |
|---|---|
| ચિ. ફોરમ ઉપેન્દ્રભાઈ ભટ્ટ<br>ગં.સ્વ. નિકીતાબેન ઉપેન્દ્રભાઈ ભટ્ટ | જયવીરભાઈ ચન્દ્રકાન્તભાઈ ભટ્ટ<br>મહેમદાવાદ ● ૯૮૯૮૪૨૩૨૪૬ |

પીયરપક્ષનું બેસણું સાથે જ રાખેલ છે.
સ્વ. ડૉ. એસ.એન. જોષી ● ગં.સ્વ. દમયંતીબેન સુજનકુમાર જોષી
શ્રી રાજુભાઈ સુજનકુમાર જોષી

દ્વિતિય વાર્ષિક પુણ્યતિથિએ

**શ્રદ્ધાંજલિ**



સ્વ. લાલચંદભાઈ ગોપલાણી
સ્વર્ગવાસ તા. ૭-૬-૨૦૧૭

આપનું નિ:સ્વાર્થ ધાર્મિક જીવન
અમારા માટે હંમેશા પ્રેરણાદાયી રહેશે,
યાદોના પુષ્પો અને આંસુઓના અભિષેક સાથે
આપને શ્રદ્ધાંજલિ આપીએ છીએ...

લિ.
મહેશ લાલચંદભાઈ ગોપલાણી
રાજેશ લાલચંદભાઈ ગોપલાણી
હરેશ લાલચંદભાઈ ગોપલાણી
તથા
સમસ્ત ગોપલાણી પરિવાર

ગુજકોમાસોલ®

**સામાન તથા સ્ક્રેપ વેચવાનો છે.**

સંસ્થાની મિલકતો પ્લોટ નં. એ/૭, ઈલેક્ટ્રોનીક જી.આઈ.ડી.સી. એસ્ટેટ, ગાંધીનગર ખાતેનો ભંગાર જેમાં લોખંડ, લાકડું, પ્લાસ્ટીક, કાચ,જૂના બંધ હાલતમાં કોમ્પ્યુટર તથા તેને લગતો સામાન, ફર્નીચર તથા પરચુરણ ભંગાર જે તે સ્થિતિમાં પડેલ છે, તે વેચાણથી આપવાનો છે તેમજ ગુજકોમાસોલ,રીલીફ સિનેમા સામે,રીલીફ રોડ,અમદાવાદ ખાતેનો ડેડસ્ટોક(ફર્નીચર), જૂના એ.સી.તેમજ જૂના બંધ હાલતમાં કોમ્પ્યુટર તથા તેને લગતો સામાન જે તે સ્થિતિમાં વેચવાનો છે.આ સામાન ખરીદવા રસ ધરાવતી પાર્ટીઓએ આ અંગેના ટેન્ડર ફોર્મ www.gujcomasol.com ઉપરથી તા.૧૭-૬-૨૦૧૯ સુધી ડાઉનલોડ પણ કરી શકાશે તથા ટેન્ડર ફોર્મ ગુજકોમાસોલ હેડઓફિસથી કામકાજના દિવસ દરમ્યાન રૂા.૫૦૦/- નોન રીફંડેબલ ફોર્મ ફી ભરીને તા.૧૭-૬-૨૦૧૯ સુધી સાંજના ૪-૦૦ કલાક સુધીમાં મેળવી લેવાના રહેશે અને તા.૧૮-૬-૨૦૧૯ ને ૧૬-૦૦ કલાક સુધીમાં પરત કરવાના રહેશે.ટેન્ડર ફોર્મ મંજુર કે નામંજુર કરવાનો અધિકાર ફેડરેશનનો રહેશે.

મેનેજીંગ ડિરેક્ટર
ગુજરાત સ્ટેટ કો-ઓ. માર્કેટીંગ ફેડરેશન લિ.
સહકાર ભવન, ૪૯, શ્રીમાળી સોસાયટી, નવરંગપુરા પોલીસ સ્ટેશન સામે, નવરંગપુરા, અમદાવાદ. ફોનઃ ૨૬૪૦૭૬૦૯ થી ૧૨

જિલ્લા વિકાસ અધિકારી રાવલ કો ગુસ્સા આયા...

# વિકાસ કામોની ચકાસણી તાલુકા કક્ષાની ટીમો દ્વારા કરી અહેવાલ આપો

**ગાંધીનગર તા.પં.ના નવા મકાનની માંગણી અંગે જિલ્લાકક્ષાએ રજુઆત કરો, દહેગામ તા.પં.ના મકાન માટેની દરખાસ્ત માટે પણ સરકારમાં વિગતે ફોલોઅપ લેવા તાકીદ કરી**

ગાંધીનગર, તા. ૬

૧૪મા નાણાંપંચ અંતર્ગત જિલ્લાના વિવિધ તાલુકાઓમાં થયેલ વિકાસકામોની ચકાસણી કરી અને તે અંગેનો રિપોર્ટ આ માસના અંત સુધીમાં આપી દેવા માટે કડક તાકીદ આજે જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ કરી છે.

તાલુકા વિકાસ અધિકારીઓ સાથેની સમીક્ષા બેઠકમાં તાલુકાકક્ષાએ વિકાસ કામોની ચકાસણી માટે કર્મચારીઓની ટીમો બનાવી અને તે અંગેનો રિપોર્ટ સીધો અમારા કાર્યાલયને મળે તે જોવા કહ્યુ હતુ.

જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ આજે બે કલાકથી પણ વધારે સમય સુધી આ સમીક્ષા બેઠક યોજી હતી અને કડક સૂચનાઓ આપી જિલ્લામાં વિકાસના કામોને વેગ મળે તે દિશામાં સહિયારો પુરૂષાર્થ કરવાનો આગ્રહ કર્યો હતો.

ગાંધીનગર તાલુકા પંચાયતના નવા મકાનની માંગણી જિલ્લાકક્ષાએ તાત્કાલિક મુકવા અને દહેગામ તાલુકા પંચાયતના નવીનીકરણની દરખાસ્ત જે સરકારમાં પડતર છે તેના ઝડપી નિકાલ માટે યોગ્ય કાર્યવાહી કરવાની કડક સૂચના આજે જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે આ સમીક્ષા બેઠકમાં જણાવ્યુ હતુ.

તેમણે પ્રધાનમંત્રી આવાસ યોજના અંગે પણ કેટલીક ગંભીર ટીપ્પણીઓ કરી હતી. તેમણે જણાવ્યુ હતુ કે છેવાડાના માનવી સુધી કલ્યાણલક્ષી યોજનાઓનો લાભ પહોંચે તે જોવાની જવાબદારી આપણા સૌની છે.

તેમણે વિલેજ ડેવલપમેન્ટ પ્લાન માટે પણ ધીમીગતિએ ચાલતી કામગીરીને લઈ નારાજગી વ્યક્ત કરી હતી. જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ સ્વચ્છ ગ્રામ,

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર માટે
આપનું LED TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી
ફક્ત ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. : ૯૭૧૪૧૯૮૩૬૬

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

# પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાની નબળી કામગીરીથી ડીડીઓ નારાજ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત આપવાના થતા ગોલ્ડકાર્ડમાં અત્યંત નબળી કામગીરીને લઈ આજે જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી.

આરોગ્ય વિભાગના તંત્રને આજે તેમણે આ મુદ્દે કડક તાકીદ કરી અને દરેક તાલુકા મથકોએ આ માટે ખાસ કેમ્પો યોજવા અંગે વિશેષ માર્ગદર્શન આપી ટપારતાં કહ્યુ હતુ કે તમારા આ કાર્યમાં સહયોગ અન્ય બ્રાન્ચોનો પણ લેવો જોઈએ. તેમણે જણાવ્યુ હતુ કે તંત્ર એક ટીમ તરીકે કામગીરી કરે એ અત્યંત જરૂરી છે.

તેમણે આરોગ્યની વિવિધ યોજનાઓ અંગે આગામી દિવસોમાં અલગથી ખાસ બેઠક યોજવાનો પણ સંકેત આપ્યો હતો.

પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના ઉપરાંત મા અને મા અમૃતમ વાત્સલ્ય યોજનાના કાર્ડમાં કેટલીક ખાનગી હોસ્પિટલો દર્દીઓ પાસે પૈસા ભરાવતી હોવાની ફરિયાદો અંગે પણ ધ્યાન દોર્યુ હતુ.

મળતી વિગતો પ્રમાણે આરોગ્યતંત્રએ આવી બે ફરિયાદો ખાનગી હોસ્પિટલની મળી હોવાનો સ્વીકાર કરી સ્પષ્ટતા કરતાં જણાવ્યુ હતુ કે આ બે ફરિયાદો મળતાં જ તંત્રએ હોસ્પિટલના

● અનુસંધાન પાન-૭ પર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com